## વડીલોને વંદન અભિનંદન


મંગળદાસ એમ. સુરજકર
(૧૯૪૮)મો.૯૬૦૧૬૨૧૬૯૫


છબીલભાઈ રેવાશંકર ત્રિવેદી
(૧૯૪૦)ફોન: ૨૩૨૬૦૪૦૯

# વીજ ભાવ વધારાની હીલચાલ સામે આપ પાર્ટી પણ મેદાનમાં

## જર્કમાં ૨૦ ફેબ્રુઆરીની મુદત : આમ આદમી પાર્ટી પણ પક્ષકાર બનશે

ગાંધીનગર, તા.૫

વીજ ભાવવધારો કરવાની ટોરેન્ટની ગતિવિધિઓ સામે જર્કમાં રજૂઆત કરવામાં આવી છે. શહેર વસાહત મહામંડળની આ રજૂઆત સંદર્ભે ૨૦ ફેબ્રુઆરીની મુદત નિયત કરાઈ છે. બીજી તફ વીજ ભાવવધારાના વિરોધમાં આમ આદમી પાર્ટીએ પણ જર્ક સમક્ષ રજુઆત કરી છે.

સુરતમાં ગેસ પ્લાન્ટ ઉભો કરવા માટે ટોરેન્ટ પાવર દ્વારા પ્રોજેકટ હાથ ધરાયો છે. જયારે આ મામલે હજુ એગ્રીમેન્ટની કાર્યવાહી પણ બાકી છે જયારે પ્રોજેકટનો ખર્ચ ગાંધીનગર અને અમદાવાદના વીજ ગ્રાહકો પાસેથી વસુલવાની પેરવી રૂપે વીજળી બિલમાં પ્રતિ યુનિટ અંદાજિત ૫૮ પૈસાનો વધારો કરવા ટોરેન્ટ પાવર દ્વારા જર્ક સમક્ષ મંજુરી માટે રજૂઆત કરવામાં આવી છે. જેની સામે શહેર વસાહત મહામંડળ દ્વારા આ ભાવવધારો અટકાવવા જર્કમાં અપીલ કરવામાં આવી હતી. આ કાર્યવાહીના મામલે જર્કમાં ૨૦ ફેબ્રુઆરીની મુદત નિયત કરવામાં આવી છે. બીજી તરફ વીજ ભાવવધારાની આ હલચલ સામે આમ આદમી પાર્ટીએ પણ પક્ષકાર તરીકે જોડાવાનો નિર્ણય લીધો છે. દિલ્હી સહિતના અન્ય શહેરોમાં વીજ ભાવવધારાને અટકાવવા અભિયાનની સાથે હવે આપ દ્વારા ગાંધીનગર અને અમદાવાદમાં પણ સંભવિત ભાવવધારો ન થાય તે દિશામાં પ્રયાસો શરુ કરી દેવાયા છે. વીજ ભાવવધારાના વિરોધમાં આપ દ્વારા પણ જર્કમાં રજુઆત કરવામાં આવી છે.

# કુડોલપાલ ગામના ૧૫ મૃતકોની બારમાની વિધિ યોજાઈ

## ૨૫ હજારથી વધુની માનવ મેદની ઉમટી : પરિવારજનોને અનેક રોકડની સહાયની જાહેરાત





ભિલોડા, તા. ૫

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકો અંતરીયાળ ડુંગરાળ વિસ્તાર આવેલા છે. જયાં આદિવાસી સમાજની વસ્તી વધારે છે. ભિલોડા તાલુકાના કુંડોલપાલ ગામના ડામોર પરિવારના સભ્યો ગત ૨૪ જાન્યુઆરીના રોજ ધંધાસણ ગામમાં લોકાચાર કરવા ટ્રેકટરની ટ્રોલીમાં બેસી જતા હતા તે દરમિયાન ગોઝારા ઢાળવાળા વળાંકમાં ટ્રેકટરની ટ્રોલી પલ્ટી ખાતા કુંડોલપાલ ગામના ૧૫ લોકોના કરૂણ મોત નિપજતા ઘેરા શોકની કાલીમા પ્રસરી હતી.

આ ઘટનાને આજે તા. ૫મી ફેબ્રુઆરીએ બારમાની વિધિનો સામુહિક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આશરે ૨૫ હજારથી વધુ માનવ મેદની ઉમટી હતી. આદિવાસી સમાજમાં બારમાની વિધિની અનેરો હોવાનું જાણવા મળ્યું હતું.

આજે આ પ્રસંગે રાજકારણીઓ શંકરસિંહ વાઘેલા, મધુસુદન મિસ્ત્રી, મંગુભાઈ પટેલ, ડૉ. અનિલભાઈ જોષીયારા, રાજુભાઈ ચાવડા, અશ્વિનભાઈ કોટવાલ, વનરાજસિંહ રાઠોડ, ઈન્દ્રવિજયસિંહ રાઠોડ, શુભેન્દ્રસિંહ સિસોદીયા, પ્રફુલ પટેલ, ઉપેન્દ્રભાઈ ત્રિવેદી, સોમાલાલ મોદી વગેરે અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કોંગ્રેસના અધ્યક્ષા સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી દ્વારા રૂ. ૨૫ લાખની ફાળવણી કરવામાં આવી છે. જયારે મૃતક પરિવારોને રૂ. એક લાખની સહાય તેમજ ઈજાગ્રસ્તોને જરૂરીયાત પ્રમાણેની સહાય આપી હોવાનું જાણવા મળેલ છે. ઉપરાંત ગુજરાત વિધાનસભા વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા દ્વારા રૂ. ૧૧ લાખ આપવાની જાહેરાત કરવામાં આવી હતી.

## આજે ગાંધીનગરમાં ભાજપ યુવા મોરચાની પ્રદેશ કારોબારી બેઠક

અમદાવાદ, તા. ૫

ગુજરાત પ્રદેશ યુવા મોરચાના મહામંત્રી શ્રી હિતેશભાઈ પટેલ અને શ્રી હિરેનભાઈ હિરપરાએ જણાવ્યું છે કે, આવતીકાલે ૬ ફેબ્રુઆરી ગુરૂવારના રોજ ગાંધીનગર, સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષ શ્રી પ્રદિપસિંહ વાઘેલાની અધ્યક્ષતામાં પ્રદેશ કારોબારીની બેઠક યોજાશે. આ પ્રદેશ કારોબારી બેઠકમાં પ્રદેશ અધ્યક્ષ શ્રી આર.સી. ફળદુ, પ્રદેશ મહામંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી, પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભિખુભાઈ દલસાણિયા ઉપસ્થિત રહીને માર્ગદર્શન આપશે.

આ પ્રદેશ કારોબારી બેઠકમાં પ્રદેશ યુવા મોરચાના હોદ્દેદારો, મોરચાના સેલના કન્વીનર-સહકન્વીનર, મોરચાના કારોબારી સભ્યો, મોરચાના છેલ્લા પ્રમુખ-મહામંત્રીશ્રીઓ ઉપસ્થિત રહેશે. આ કારોબારી બેઠકમાં આગામી લોકસભાની ચૂંટણી ૨૦૧૪ના સંદર્ભમાં આગામી કાર્યક્રમો અને વિવિધ બાબતો અંગે ચર્ચા-વિચારણા થશે.

# વાસણીયા મહાદેવ પાસે જીપ અને કાર વચ્ચે અકસ્માત : એકનું મૃત્યુ

## અકસ્માત બાદ જીપ પલ્ટી મારીને ઝાડ સાથે ટકરાઈ : ૮ મુસાફરો ઘાયલ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર નજીક વાસણીયા મહાદેવથી બાલવા જતા માર્ગ પર આજે સવારે મારૂતી ફંટી કાર અને મુસાફરો ભરેલી જીપ વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમાં ફંટીમાં સવાર એક પ્રૌઢનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. જયારે આઠ વ્યક્તિઓ આ અકસ્માતમાં ઘવાતા તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પેથાપુર પોલીસે જીપ ચાલક સામે ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે.

વાસણીયા મહાદેવથી બાલવા જતા હાઈવે પર આજે સવારના અરસામાં મારૂતી ફંટી અને મુસાફરો ભરેલી જીપ વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જીપ નં. જીજે-૨-એચ-૭૦૯૩ નો ફંટી સાથે અકસ્માત થતા જીપ પલ્ટી મારી ગઈને ઝાડ સાથે ટકરાઈ હતી. આ અકસ્માતમાં કારમાં સવાર ઘાટલોડીયાના ૪૫ વર્ષિય દુર્ગેશભાઈ પંચાલ સહીત જીપના મુસાફરો મળીને ૯ વ્યક્તિઓને ઈજાઓ થવા પામી હતી. ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતા તાત્કાલિક એ લોકેશન પરથી ૧૦૮ દોડી આવી હતી અને તમામને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા. સારવાર દરમ્યાન દુર્ગેશભાઈ પંચાલનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. ઘાટલોડીયાના ગીતાબેન રાજગોરની ફરીયાદને આધારે પેથાપુર પોલીસે જીપચાલક સામે ગુનો દાખલ કરી પીએસઆઈ એસ.જે. વાઘેલાએ તપાસનો દૌર શરૂ કર્યો છે. જીપચાલક રાવળ મેહુલને પણ ઈજાઓ થવા પામી છે.

## પ્રાંતિજ પાસે ચાલુ કારમાં આગ ભભૂકી ઉઠી : કારચાલકનો આબાદ બચાવ

પ્રાંતિજ, તા.૫

પ્રાંતિજના દલપુર પાસે ગત રાત્રિના સમયે ચાલુ કારમાં અચાનક જ આગ ભભૂકી ઉઠી હતી સદનસીબે સમય સૂચકતા દાખવી કાર ચાલક બહાર નિકળી જતા તેનો આબાદ બચાવ થયો હતો. પ્રાંતિજ તાલુકાના દલપુર પાટીયા પાસે આવેલ એક ફેકટરીમાં ધર્મેન્દ્ર મિસ્ત્રી કામ કરે છે અને મૂળ કડી ગામના વતની છે. જેવો અહીં ધંધા રોજગાર અર્થે આવ્યા છે. દરમિયાન ગત રોજ પોતાની કાર (જીજે-૧ એચ.એસ. ૮૪૦૦) લોગાનમાં સવાર થઈ ઘર તરફ જઈ રહ્યા હતા ત્યારે અચાનક જ કારમાં ધૂમાડા નીકળતા તેઓ કાર રોકી નીચે ઉતરી ગયા હતા અને બાદમાં કારમાં ભીષણ આગ ભભૂકી ઉઠતા કાર સળગીને ખાખ થઈ ગઈ હતી. સમય સૂચકતા દાખવતા આ બનાવમાં કાર ચાલકનો આબાદ બચાવ થયો હતો.

# કલોલ રેલવે સ્ટેશન પાસે ટ્રેનના બે ડબ્બા પાટા પરથી ઉતરી ગયા...!

## અમદાવાદથી રણુજ જતી હતી લોકલ ટ્રેઈન : સમી સાંજે દોડધામ મચી ગઈ : સદ્‌ભાગ્યે કોઈ જાનહાની નહી

ગાંધીનગર, તા. ૫

કલોલ રેલવે સ્ટેશન પાસે આજે સમી સાંજે અમદાવાદ-રણુજ લોકલ ટ્રેનના એન્જીન પાછળના બે ડબ્બા અચાનક કોઈ કારણસર ટ્રેક પરથી ઉતરી જતા અફડાતફડી મચી જવા પામી હતી. સમયસુચકતા દાખવીને ટ્રેનમાં સવાર તમામ મુસાફરોને ટ્રેનમાંથી ઉતારી દેવાયા હતા. સદ્‌ભાગ્યે આ ઘટનામાં કોઈને જાનહાનિ થવા પામી નથી. ટ્રેનના ડબ્બાને ટ્રેક પર લાવવા માટે સાબરમતીથી ક્રેઈન મંગાવીને કામગીરી શરૂ કરવામાં આવી હતી.

સાંજના અરસામાં અમદાવાદથી રણુજ તરફ જઈ રહેલી લોકલ ટ્રેનના એન્જીન પાછળના બે ડબ્બા એકાએક કલોલ રેલવે સ્ટેશન નજીક ટ્રેક પરથી ઉતરી જતા ભાગદોડ મચી જવા પામી હતી. પાટા પરથી ઉતરી ગયેલા બે ડબ્બાઓની ઘટના કયા કારણોસર સર્જાઈ તે ખામી હજુ બહાર આવી શકી નથી પરંતુ ઘટનાની જાણ થતાં જ ટ્રેનમાં સવાર તમામ મુસાફરોને ઉતારી મુકાયા હતા. આ દુર્ઘટનામાં કોઈને ઈજાઓ કે જાનહાની થવા પામી ન હતી. પાટા પરથી ઉતરી ગયેલા બે ડબ્બાને પાટા પર ચઢાવવા માટેની કામગીરી તંત્ર દ્વારા શરૂ કરવામાં આવી છે. તે માટે સાબરમતીથી ક્રેઈન મંગાવી લેવામાં આવી હતી.

# તલોદમાં કમળાએ હાહાકાર મચાવ્યો : આરોગ્યતંત્ર ઘોર નિંદ્રામાં

હિંમતનગર, તા. ૫

તલોદ શહેરમાં તથા ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસોથી કમળાના રોગે માથુ ઉંચક્યું છે. જેના કારણે તલોદમાં આવેલ ખાનગી તથા સરકારી દવાખાનાઓમાં દિનપ્રતિદિન દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. છતાં આરોગ્ય તંત્ર આ અંગે અજાણ રહી ઘોર નિંદ્રામાં પોઢી રહ્યું છે. તલોદમાં ગટર લાઈન નાખવા માટે થઈ રહેલા ખોદકામને કારણે ક્યાંક ગંદુ પાણી પાઈપલાઈનમાં ભળતુ હોવાની શક્યતા શહેરીજનો જોઈ રહ્યા છે ત્યારે આરોગ્ય અને નગરપાલિકાએ આ અંગે તપાસ કરવાની જરૂર છે. જો કે મંગળવારે એક ખાનગી હોસ્પિટલમાં ૬ અને સિવિલમાં એક દર્દી કમળાની સારવાર લઈ રહ્યા છે.

આ અંગેની વિગત એવી છે કે તલોદ શહેરના અલગ અલગ વિસ્તારોમાં કમળાના રોગના દર્દીઓ જોવા મળી રહ્યા છે. તલોદની ખાનગી અને સરકારી હોસ્પિટલોમાં સારવાર અર્થે આવતા દર્દીઓના લોહીના નમુનાનું પૃથ્થકરણ કરાતા તેમાં કમળાના લક્ષણો દેખાય છે. મંગળવારે પણ સાત દર્દીઓએ કમળાની સારવાર લીધી છે. દરમિયાન મંગળવારે તલોદમાં આ રોગનો ભોગ બનેલા અમૃતલાલ દરજી, ચંદ્રેશ ચંપકલાલ શાહ, નિરખી સી. શાહનો સમાવેશ થાય છે. બીજી તરફ તલોદમાં વિવિધ વિસ્તારમાં ગટર લાઈન માટે ખોદકામની કામગીરી ચાલી રહી છે. તેમાં સંભવત ક્યાંક પાણીની લાઈન લીકેજ થઈ દૂષિત પાણી ભળી જવાથી આ રોગ કરી રહ્યો હોય તેવું લોકો જણાવી રહ્યા છે. બીજી તરફ રોગીઓની સંખ્યામાં થતા વધારા છતાં આરોગ્યતંત્ર બિલકુલ અજાણ રહ્યું છે અને તકેદારીના કોઈ જ પગલા લીધેલ નથી. કમળો એ જીવલેણ રોગ બની શકવાની શક્યતા નકારી શકાય તેમ ન હોઈ તાત્કાલિક ધોરણે તેની સારવાર કરાવવી આવશ્યક છે, તેવું તબીબો જણાવી રહ્યા છે.

## અંતે સંજય પટેલની જામીન અરજી નામંજુર કરી દેવાઈ

દુબઈથી ગેરકાયદે સોનાની આયાત કરવાના કેસમાં સંકળાયેલા આરોપી સંજય પટેલે જામીન મેળવવા મેટ્રોપોલીટન કોર્ટમાં અરજી કરી હતી જેમાં તપાસ એજન્સી દ્વારા જામીન રિજેક્ટ કરવા મજબુત પુરાવા રજુ કરતાં અંતે બંને પક્ષકારોની દલીલો બાદ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ મમતા કે. ચૌહાણે સંજય પટેલના આકરા વલણ સાથે જામીન ફગાવી દીધા હતા.

# જિલ્લા મહિલા કોંગ્રેસની ૨૩ બહેનો પ્રદેશના તાલીમ વર્ગમાં ભાગ લેશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લા મહિલા કોંગ્રેસની મીટીંગ ગાંધીનગર જિલ્લા મહિલા કોંગ્રેસના પ્રમુખશ્રી શ્રીમતી હિનાબેન પટેલની અધ્યક્ષતામાં મળી જેમાં આગામી લોકસભાની ચૂંટણીની તૈયારી રૂપે બહેનોને તાલુકા કક્ષાથી ગામકક્ષાની મીટીંગો યોજી મહિલા કોંગ્રેસે ગામે ગામ સેકટરે-સેકટરે સંગઠન મજબૂત કરવાની હાંકલ કરી હતી. આગામી તા. ૨૨, ૨૩ તારીખે અંબાજી ખાતે મહિલા કોંગ્રેસની પ્રદેશ કક્ષાની ટ્રેનીંગ કેમ્પ અંબાજી ખાતે રાખવાનો હોવાથી ગાંધીનગર શહેર/જિલ્લામાંથી ૨૩ બહેનોને ભાગ લેવાનું કરી તેમનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત જિલ્લા કોંગ્રેસના ઈન્ચાર્જ પ્રમુખશ્રી જશુભા રાણાએ સંગઠનને મજબૂત કરી દરેક બહેનોને જણાવ્યું હતું કે યુપીએ અધ્યક્ષા સોનીયાજી અને રાહુલજીએ મહિલાઓને ગૌરવ અપાવાય તેવો તમામ ક્ષેત્રમાં ૫૦ ટકાનો રેશીયો અનામત મહિલા માટે નક્કી કર્યો.

આજે મળેલ ગાંધીનગર જિલ્લા મહિલા કોંગ્રેસની બેઠકમાં શહેર કોંગ્રેસના પ્રમુખશ્રી મુકેશભાઈ પટેલ તથા જિલ્લાના પ્રવક્તા શ્રી અશ્વિનભાઈ બારોટે માર્ગદર્શન પુરૂ પાડતા જણાવ્યું હતું કે શહેર/જિલ્લા મહિલા કોંગ્રેસનું સંગઠન વધુ મજબૂત બને તે માટે વધુમાં વધુ મહિલા કાર્યકર્તાઓ સંગઠનમાં જોડાય તેવી હાંકલ કરી હતી. આજે મળેલ જિલ્લા મહિલા કોંગ્રેસ સમિતિની બેઠકમાં મહિલા હોદ્દેદારો સહિત મોટી સંખ્યામાં મહિલા કોંગ્રેસ કાર્યકર્તા બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

### કોલેરાના ચાર કેસ..

● અનુસંધાન પહેલાનું ચાલુ

કામગીરી હાથ ધરવામાં આવી છે. જો કે વધુ કોઈ કેસ મળ્યા નહિ હોવાનું જાણવા મળેલ છે. દૂષિત પાણી અને દૂષિત ખોરાકને લઈ આ કેસ નોંધાયાના પ્રાથમિક અહેવાલોનું તારણ તંત્ર માની રહ્યું છે. જો કે હજુ તંત્ર આ બાબતે સંપૂર્ણ ચૂપકીદી સેવી રહ્યું છે. જે ચાર કેસ મળ્યા છે તેમાં બે બાળકો સારવાર હેઠળ છે જ્યારે બે કેસ શંકાસ્પદ છે.

ખોરજ નજીકની આ કન્સ્ટ્રકશન સાઈટને અગાઉ મેલેરિયાના મચ્છરોની ઉત્પત્તિને લઈ તંત્રએ નોટીસ પણ આપી હતી એટલુ જ નહિ ૧૩૫ મુજબ કેસ પણ ચલાવવાની તંત્રને ફરડ પડી હતી.

ગાંધીનગર શહેર અને તેની આસપાસની કન્સ્ટ્રકશન સાઈટો પર સ્વચ્છતા અને મજૂરોના આરોગ્ય વિષયક પ્રશ્નોને લઈ અનેકવિધ બાબતો અંગે તંત્ર દ્વારા વારંવાર તાકીદો કરવામાં આવી હોવા છતાં સાઈટ સચાલકો દ્વારા પગલાં નહિ લેવાતા હોવાની હકીકતો બહાર આવી રહી છે. શિયાળાની વિદાય સમયે કોલેરાના કેસો મળતાં તંત્ર ચિંતાતુર બન્યું છે. ધીરે ધીરે વાતાવરણમાં ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે વાહકજન્ય અને પાણીજન્ય રોગચાળા સામે વિવિધ પગલાંઓ માટે તંત્ર કાર્યયોજના તૈયાર કરી રહેલ છે.

### ભવનનો લોકાર્પણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બિલ્ડીંગ બાંધવામાં આવ્યું છે. બે મજલાના આ ભવનમાં અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. એપ્રિલ ૨૦૧૨ દરમિયાન નવું ભવન બાંધવાનું કામ શરુ કરવામાં આવ્યું હતું. ૧૪ મહિનાના અંતે ભવનનું કામ પૂર્ણ કરી દેવાયું છે. નવું બિલ્ડીંગ બનતા સુપ્રિટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પ તેમજ સેટલમેન્ટ કમિશનરની કચેરીનો આ ભવનમાં સમાવેશ કરવામાં આવશે. કચેરીઓને કોર્પોરેટ ટચ આપવા હાલ મોડયુલર ફર્નિચર બનાવવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. તા. ૬ ફેબ્રુઆરીના રોજ બપોરે ૨ કલાકે માર્ગ મકાન મંત્રી આનંદીબેન પટેલના હસ્તે નવા ભવનનું લોકાર્પણ કરવામાં આવશે. આ લોકાર્પણ વિધિ દરમિયાન નાણામંત્રી નીતિન પટેલ પણ ઉપસ્થિત રહેશે ભવનમાં ફર્નિચર બનાવવાનું કામ પણ આગામી મહિનામાં પૂર્ણ કરી દેવાશે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર

## શબ્દાવલી - ૫૩૦૫

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ■ | ૩ | | | | ૪ |
| ૫ | | ૬ | | ■ | ■ | ■ | |
| ■ | ■ | ૭ | | | ૮ | | |
| ૯ | | | | ■ | | ■ | ■ |
| | ■ | | ■ | ૧૦ | | ૧૧ | |
| ૧૨ | | | ■ | | ■ | | ■ |
| | ■ | ■ | ૧૩ | | | | ૧૪ |
| ૧૫ | | | | | ■ | ૧૬ | |

**આડી ચાવી**

૧. કપડા, છાપનારો (૨)
૩. ખુશામત ખોરી (૫)
૫. શર્ટ, પહેરણ (૪)
૭. કરાર બદલવો તે (૬)
૯. જાડુ, કચરો વાળવાનું સાધન (૪)
૧૦. એક વૃક્ષ જેમાંથી તેલ બને (૪)
૧૨. લપ કરે તેવું માણસ, લપળો (૩)
૧૩. બધા વેદોનો સાર (૫)
૧૫. રૂશ્વત લેવાવાળો (૫)
૧૬. ફળોનું ઝુમકું (૨)

**ઊભી ચાવી**

૧. તપેલી ઉપર ઢાંકવાનું વાસણ (૨)
૨. ખોબામાં સમાય તેટલું એટલે એક... (૨)
૩. રાજાની માનીતી રાણી (૪)
૪. નાનો ડબો (૩)
૬. નવશેકુ, જરા-તરા ગરમ પાણી (૪)
૮. બાકુ, પોલાણ (૩)
૯. સામેલ હોવું તે (૫)
૧૦. રાત્રે ફરનારું (૪)
૧૧. ગીરો, ગીરવી (૪)
૧૩. હવાખાનાનું યાંત્રિક સાધન (૨)
૧૪. શ્વાસનો રોગ (૨)

### શબ્દાવલી ૫૩૦૪ના જવાબ

***આડી ચાવી :-*** (૧) દરવાજો (૫) સમીપ (૮) મજલીસ (૯) મારણ (૧૦) સેજ (૧૧) દાતાર (૧૩) રઇસ (૧૪) અવકાશ (૧૮) કલમી (૧૯) તાવતરીયો (૨૨) સરવાણી (૨૩) તાંતણો

***ઊભી ચાવી :-*** (૧) દમકદાર (૨) રજ (૩) વાલીવારસ (૪) જોસ (૫) સમાજસેવક (૬) મીર (૭) પણછ (૧૨) તાઇ (૧૫) કાલ (૧૬) શમીયાણો (૧૭) હરિણી (૧૯) તાસ (૨૦) વર (૨૧) તવા

# એસઓજીની ટીમ ઘરે-ઘરે ફરીને ભાડુઆતની તપાસ કરશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર એસઓજીની ટીમ હવે સુરક્ષા અને સલામતીના હેતુસર ઘરે-ઘરે ફરીને મકાન માલીકે ભાડે આપેલ મકાનમાં રહેતા ભાડુઆતની જાણ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં કરી છે કે કેમ? તેની તપાસ કરશે. ગઈકાલે કલોલ સીટીમાં પાંચ મોબાઈલની દુકાનોમાં દરોડા પાડીને પાંચેય વેપારી સામે પુરાવા વિના સીમકાર્ડ વેચવા બદલ જાહેરનામા ભંગનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરી છે.

ગાંધીનગર એસઓજી પી.આઈ. જે.ડી. બ્રહ્મભટ્ટની સુચનાથી તેમની ટીમ દ્વારા હવે ગાંધીનગરના તમામ ઘરોમાં ભાડુઆત અંગેનો સર્વે કરવામાં આવશે. ગાંધીનગરમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તથા છુપા વેશમાં કોઈ મકાનમાં ભાડે રહીને આતંકવાદી પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા શખ્સો કોઈ હરકત ન કરી જાય તેની સાવચેતી રાખવાને વગલે આ સર્વે ઘરે-ઘરે જઈને હાથ ધરવામાં આવશે. મકાન ભાડુઆતની જાણ કરવામાં આવી નહી હોય તેવા મકાનમાલીક સામે ગુનો દાખલ કરવામાં આવશે.

ગાંધીનગર એસોજીની ટીમે ગઈકાલે કલોલ શહેરમાં મોબાઈલની પાંચ દુકાનોમાં દરોડા પાડ્યા હતા. દુકાનદારો સીમકાર્ડ વેચાણ કરતી વખતે ગ્રાહકના ઓળખના પુરાવા લેતા ન હતા. તે અંગે જાહેરનામા ભંગનો ગુનો પાંચેય દુકાનદાર સામે નોંધીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# આજે એચઆઈવી પોઝીટીવ લોકોની સંસ્થા જીએસએનપી પ્લસના દસ વર્ષ પૂર્ણ થયાની ઉજવણી

ગાંધીનગર, તા. ૫

ગુજરાતમાં રાજયસ્તરે એચઆઈવી પોઝીટીવ લોકોની સંભાળ અને હક્કો માટે એચઆઈવી પોઝીટીવ લોકો દ્વારા જ ચલાવાતી સંસ્થા જીએસએનપી પ્લસને દસ વર્ષ પૂર્ણ થતાં વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરવામાં આવ્યું છે. સભા આવતીકાલે સવારે ૯.૩૦ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા દરમ્યાન માણસા રોડ પર બાલવા ચોકડી નજીક આવેલ ગીરનારી આશ્રમ ખાતે આયોજીત કરવામાં આવી છે.

ગુજરાત સ્ટેટ નેટવર્ક ઓફ પીપલ લીવીંગ વીથ એચઆઈવી એઈડ્સ એટલે કે જીએસએનપી પ્લસ સંસ્થાની સ્થાપના છઠ્ઠી ફેબ્રુઆરી ૨૦૦૩માં કરવામાં આવી હતી. જેના આવતીકાલે દસ વર્ષ પુરા થઈ રહ્યા હોઈ દશાબ્દી વર્ષ નિમિત્તે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ગુજરાત એઈડ્સ કન્ટ્રોલ સોસાયટીના ભૂતપૂર્વ એપીડી ડોક્ટર્સનું સન્માન કરવામાં આવશે જેમાં ડૉ. ડી.એમ. સકસેના, ડૉ. ચાવલા, ડૉ. પ્રદીપકુમાર અને વર્તમાન એપીડી ડૉ. મહેતાનો સમાવેશ પણ થાય છે. આ ઉપરાંત આ સંસ્થા સાથે જોડાયેલ ડૉ. કાગદી અને ડૉ. રાજેશ ગોપાલનુંપણ સન્માન કરવામાં આવશે. આ તમામ ડૉક્ટર્સે છેલ્લા ૧૦ વર્ષ દરમ્યાન જીએસએનપી પ્લસને તેની સેવાકીય કામગીરી આગળ ધપાવવામાં યોગદાન આપ્યું હતું.

રાજ્યમાં ૨૪ જિલ્લાઓમાં શાખાઓ ધરાવતા અદ્યતન નેટવર્સ સાથે આ સંસ્થા દ્વારા એચઆઈવી પોઝીટીવ લોકોને તેના ૨૫ કેર એજ સપોર્ટ સેન્ટરો દ્વારા તેમના જીવનમાં પ્રકાશ લાવવાનું કાર્ય કરી રહી છે. ગાંધીનગર જિલ્લામાં લગભગ સાડા આઠસોથી વધુ એચઆઈવીના દર્દીઓને આ સંસ્થા તેમની સેવાઓ આપી રહી છે. અને તેમને સમાજમાં સન્માન સાથે જીવવાની પ્રેરણા અને હૂંફ પુરી પાડે છે. આ કેર એન્ડ સપોર્ટ સેન્ટર દ્વારા દર્દીઓને યોગ્ય સારવાર અપાય છે તેમજ તેમને સામાજીક અને વ્યવસાયિક રીતે પગભર થવામાં પણ મદદરૂપ બનીને તેમના જીવનને ઉજાવવાના પ્રયત્નો કરવામાં આવે છે. આ સંસ્થા દ્વારા તાજેતરમાં જ વિદ્વાન નામક વધુ એક પ્રોજેક્ટ લોન્ચ કરાયો છે. જીએસએનટી દ્વારા ગાંધીનગરમાંસે. ૬માં ગાંધી એમપી પ્લસ નામથી કેર એન્ડ સપોર્ટ સેન્ટર ચલાવવામાં આવે છે.

### આંદોલનના મૂડમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થાય, કેન્દ્ર સરકારને ચૂકવવી પડે. આ માટે ખાડ મંડળીઓએ ખેડૂતોને શેરડીના ભાવના રૂપમાં ચૂકવેલ રકમ ખેડૂતો પાસેથી પરત મેળવી કેન્દ્ર સરકારમાં આવકવેરો ભરવાનો થાય, જે ખાંડ ઉદ્યોગ માટે શકય નથી. ખાંડ મળીઓ પોતાની જમીન, પ્લાન્ટ, યંત્રો વેચીને પણ આ રકમ ભરપાઈ કરી શકે તેમ નથી. ખાંડ મંડળીઓ જો તમામ રકમ ભરવા જાય તો ગુજરાતના સહકારી મિલોને તાળા મારવાની નોબત આવ, જે ખેડૂતો અને સહકારી ખાંડ ઉદ્યોગના હિતમાં નથી. આમ ગુજરાતની ખાંડ મંડળીઓ અને ખેડૂતોને કેન્દ્ર સરકાર તરફથી હેરાન કરવામાં આવી રહી છે.

દેશનો ખાંડ ઉદ્યોગ નાણાકીય ભીડ (લીકવીડીટી)નો સામનો કરી રહ્યો છે અને તેને નજરમાં રાખીને કેન્દ્ર સરકાર તરફથી ભારતની ખાંડ મિલો માટે રૂ. ૭૨૦૦ કરોડની વગર વ્યાજની એકસાઈઝસ ડયુટી સામેની લોન તાજેતરમાં જાહેર કરી છે જયારે બીજી તરફ ગુજરાતની ખાંડ સહકારી મંડળીઓને નોટિસ ફટકારી છે. આ નોટીસો પાછી નહિ ખેંચાય તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની પણ ફરજ પડશે તેવી ચીમકી તેમણે ઉચ્ચારી હતી.

ટચૂકડી જાહેર ખબર
જોઈએ છે
એજીપી ઓર્ગેનાઈઝર
કસ્તુરબા ટ્રસ્ટ, કોબા
ફોન : ૨૩૨૭૬૨૦૧
મો. ૯૮૯૮૭૨૨૪૦૭

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯